# આજે અંતિમ ટી-20 : ભારતનું લક્ષ્ય સીરિઝ વિજયનું

**આઉટ** ઓફ ફોર્મ ભારતીય કેપ્ટન સૂર્યકુમારના પ્રદર્શન પર રહેશે નજર, ગીલ રમશે કે સેમસન તે નક્કી નથી

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

અમદાવાદ, તા. 18 (પીટીઆઈ) : પસંદગી અંગે ઉભા થયેલા પ્રશ્નો અને સામે આવેલી કેટલીક નબળાઈઓ વચ્ચે આવતીકાલે શુક્રવારે અહીં રમાનારી પાંચમી અને અંતિમ ટી-20 જીતીને ભારત દક્ષિણ આફ્રિકા સામેની પડકારજનક સીરિઝનો સકારાત્મક અંત કરવાનો પ્રયાસ કરશે. ટેસ્ટ સીરિઝ 0-2થી ગુમાવ્યા બાદ ભારતે વન ડે સીરિઝ જીતીને શાનદાર વાપસી કરી. બુધવારે લખનૌમાં ખરાબ હવામાનને કારણે ચોથી મેચ રદ થયા બાદ અંતિમ મેચમાં ભારત 2-1ની અજેય સરસાઈ સાથે મેદાને ઉતરશે.

તેનાથી એ વાત ચોક્કસ છે કે ભારત હવે આ સીરિઝ હારી શકે નહીં, જે મુખ્ય કોચ ગૌતમ ગંભીર માટે રાહતની વાત હોવી જોઈએ કારણ કે ટીમના બે મુખ્ય ખેલાડીઓ, સૂર્યકુમાર યાદવ અને ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગીલ, છેલ્લા કેટલાક સમયથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તાજેતરમાં સુધી વિશ્વમાં નંબર વન ક્રમાંકિત સૂર્યકુમારનું ફોર્મ ભારત માટે મોટી ચિંતાનો વિષય છે. તેણે આ વર્ષે 20 ટી-20 મેચોમાં 18 ઈનિંગ્સમાં એક પણ અડધી સદી ફટકારી નથી. આ સમયગાળા દરમિયાન, તેણે 14.20 ની સરેરાશથી 213 રન બનાવ્યા છે.

આવતા વર્ષની શરૂઆતમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપ પહેલા ગીલ ટૂંકા ફોર્મેટમાં પ્રદર્શન કરી શકશે નહીં તે પણ ભારત માટે ચિંતાનો વિષય રહેશે.

પાછલી મેચમાં પ્રેક્ટિસ દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે ફાઈનલ મેચમાં તેની ભાગીદારી શંકાસ્પદ બની ગઈ છે. ભારત કોઈ જોખમ લેવાનું વિચારશે નહીં, કારણ કે તેમની પાસે સંજુ સેમસનના રૂપમાં પહેલેથી જ એક સારો ટોપ-ઓર્ડર વિકલ્પ છે. સેમસન ક્યારેય નીચેના ક્રમમાં બેટિંગ કરવા માટે સારો વિકલ્પ રહ્યો નથી. તેણે ઓપનર તરીકે સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ મધ્યમ ક્રમમાં તે સારો દેખાવ કરી શક્યો નથી. આ ઉપરાંત, ભારતીય ટીમ સંતુલિત દેખાય છે કારણ કે અત્યાર સુધી રમાયેલી ત્રણેય મેચમાં ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને શિવમ દુબે બંનેને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવામાં આવ્યા છે. ઝડપી બોલિંગ આક્રમણમાં, અર્શદીપ સિંહ પોતાની લયમાં આવી રહ્યો છે જ્યારે હર્ષિત રાણાએ પણ સારું પ્રદર્શન કર્યું છે.

## પાંચમી ટી-20 માટે ગીલ અમદાવાદ પહોંચ્યો

**ચોથી** ટી-20 પહેલા થયેલી ઇજાને કારણે ગીલનું રમવું શંકાસ્પદ

અમદાવાદ, તા. 18 : શુભમન ગિલ દક્ષિણ આફ્રિકા સામેની પાંચમી અને અંતિમ ટી-20 મેચ માટે અહીં પહોંચી ગયો છે, જોકે ચોથી મેચ પહેલા તેને થયેલી ઈજાને કારણે તેનું રમવું શંકાસ્પદ માનવામાં આવી રહ્યું છે. લખનૌમાં ચોથી ટી20 મેચ પહેલા ગિલને નેટમાં ઇજા થઇ હતી, જો કે ખરાબ હવામાનને કારણે મેચ રદ કરવામાં આવી હતી. ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા ગિલ શુક્રવારે ચોથી મેચ માટે ઉપલબ્ધ રહેશે કે પછી તેના સ્થાને સંજુ સેમસનને મેદાનમાં ઉતારવામાં આવશે તે જોવાનું બાકી છે. અગાઉ, ગિલ ગરદનની ઇજાને કારણે દક્ષિણ આફ્રિકા સામેની મોટાભાગની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર રહ્યો હતો. બાદમાં, તે ત્રણ મેચની વન ડે સીરિઝ પણ રમી શક્યો ન હતો. ભારત ટી-20 સીરિઝમાં 2-1થી આગળ છે, અને શુક્રવારની મેચ વર્ષની છેલ્લી મેચ હશે. ત્યારબાદ ભારતીય ટીમ 11 જાન્યુઆરીથી ન્યુઝીલેન્ડ સામે ત્રણ વન ડે અને પાંચ ટી-20 રમશે.

# હરિયાણાને હરાવી ઝારખંડે પહેલી વાર સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી

**ઈશાન** કિશનની સદીની મદદથી ઝારખંડે ત્રણ વિકેટે 262 રન બનાવ્યા

**હરિયાણાની** ટીમ 193 રનમાં ઓલઆઉટ થતાં ઝારખંડ 69 રને મેચ જીત્યું

પુણે, તા. 18 : સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની આજે ગુરુવારે અહીં રમાયેલી ફાઇનલમાં ભારતીય વિકેટકીપર બેટ્સમેન ઇશાન કિશનની શાનદાર સદી અને બોલરોની ઉમદા ભૂમિકાથી ઝારખંડે હરિયાણા સામે 69 રનથી જીત મેળવીને પહેલીવાર આ ટ્રોફી જીતી હતી.

કિશને 49 બોલમાં 10 છગ્ગા અને છ ચોગ્ગાની મદદથી 101 રન ફટકારીને ઝારખંડને ત્રણ વિકેટે 262 રનના વિશાળ સ્કોર સુધી પહોંચાડ્યું હતું તેણે 81 રન કરનારા કુમાર કુશાગ્ર સાથે બીજી વિકેટ માટે 82 બોલમાં 177 રનની ભાગીદારી પણ કરી. આ સિવાય અનુકુલ રોયે 20 બોલમાં 40 અને રોબિન મિંઝે 14 બોલમાં 31 રન કરીને અંતિમ 32 બોલમાં ચોથી વિકેટ માટે 75 રનની નોટઆઉટ ભાગીદારી નોંધાવીને ટીમને 250 રનને પાર પહોંચાડી હતી.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી હરિયાણા ટીમે ઇનિંગ્સની પહેલી ઓવરમાં બે વિકેટ ગુમાવી દીધી હતી, જેનાથી ટીમ અંત સુધી સ્વસ્થ થઈ શકી ન હતી અને આખરે 18.3 ઓવરમાં 193 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઝારખંડ તરફથી સુશાંત મિશ્રાએ 27 રનમાં ત્રણ વિકેટ અને બાલ કૃષ્ણાએ 38 રનમાં ત્રણ વિકેટ લીધી હતી જ્યારે અનુકુલ રોયે પણ બે વિકેટ લીધી હતી. હરિયાણા તરફથી વિકેટકીપર-બેટ્સમેન યશવર્ધન દલાલે સૌથી વધુ ૫૩ રન બનાવ્યા. સામંત જાખડ (૩૮) અને નિશાંત સિંધુ (૩૧) એ પણ ઉપયોગી યોગદાન આપ્યું. આ રીતે, ઝારખંડ દેશની પ્રીમિયર T20 ડોમેસ્ટિક ટુર્નામેન્ટ જીતનાર 12મું રાજ્ય બન્યું.

# બુમરાહની એક્શનને કારણે તેનું વર્કલોડ મેનેજમેન્ટ જરૂરી : ઉથપ્પા

**બુમરાહ** એક અસાધારણ મેચ વિજેતા છે અને તેના કાર્યભારને મેનેજ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે

લખનૌ, તા. 18 (પીટીઆઇ) : માજી ક્રિકેટર રોબિન ઉથપ્પા માને છે કે ભારતના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની એક્શન અને ઝડપી ગતિ તેના શરીર પર ભારે દબાણ લાવે છે અને તેને સંપૂર્ણપણે ફિટ રાખવા માટે તેના વર્કલોડનું સંચાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. બુમરાહને દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની વનડે શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો હતો અને પાંચ મેચની ટી-20 સીરિઝ માટે વાપસી કરાવાઇ હતી.

ઉથપ્પાએ જિયોસ્ટારના 'ક્રિકેટ લાઈવ' પર કહ્યું કે તે એક અસાધારણ મેચ વિજેતા છે અને તેના કાર્યભારને મેનેજ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઝડપી બોલિંગ કદાચ રમતમાં સૌથી મુશ્કેલ કૌશલ્ય છે, અને બુમરાહ તે ખૂબ જ ઝડપી ગતિ અને પડકારજનક ક્રિયા સાથે કરે છે. તમે તેને સંપૂર્ણપણે ફિટ રાખવા માંગો છો, પરંતુ તમે એ પણ ઇચ્છો છો કે તે પૂરતું ક્રિકેટ રમે. આપણે બધા તેની પ્રતિભા જાણીએ છીએ અને આશા રાખીએ છીએ કે તે વર્લ્ડકપ પહેલાની મેચોમાં સાતત્ય જાળવી શકશે. દક્ષિણ આફ્રિકાનું પ્રદર્શન અત્યાર સુધી અસંગત રહ્યું છે પરંતુ ભૂતપૂર્વ ઝડપી બોલર ડેલ સ્ટેને કહ્યું કે તેમની ટીમે ભારત પ્રવાસ પર અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

# ત્રીજી એશિઝ ટેસ્ટ : ઇંગ્લેન્ડનો સંઘર્ષ યથાવત, ઓસ્ટ્રેલિયાનું પ્રભુત્વ

**ઓસ્ટ્રેલિયાનો** પ્રથમ દાવ 371 રને સમેટાયો, આર્ચરે પાંચ વિકેટ ખેરવી

**ઇંગ્લેન્ડનો** સ્કોર 8 વિકેટે 213 રન, તેમના પર હજુ 158 રનની ખાધ

એડિલેડ, તા. 18 (એપી) : ત્રીજી એશિઝ ક્રિકેટ ટેસ્ટના આજે ગુરુવારે બીજા દિવસે ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ 371 રનમાં સમેટાયા પછી નાથન લિયોનના રેકોર્ડબ્રેક પ્રદર્શન અને પાછા ફરેલા કેપ્ટન પેટ કમિન્સની શાનદાર બોલિંગની મદદથી ઓસ્ટ્રેલિયાને ઇંગ્લેન્ડ સામે પ્રભુત્વ જાળવી રાખ્યું હતું અને ઇંગ્લેન્ડનો સંઘર્ષ આ ટેસ્ટમાં પણ યથાવત રહ્યો હતો.

બીજા દિવસની રમતના અંતે ઇંગ્લેન્ડે પોતાની પહેલી ઈનિંગમાં આઠ વિકેટે 213 રન બનાવ્યા હતા અને તેઓ હજુ ઓસ્ટ્રેલિયાથી 158 રન પાછળ છે, ઇંગ્લેન્ડની આશા કેપ્ટન બેન સ્ટોક્સ પર ટકેલી છે, જે સ્ટમ્પ સમયે 151 બોલમાં 45 રન બનાવીને બેટિંગ કરી રહ્યો છે, તેની સાથે ક્રિઝ પર સામે છેડે ઊભેલા જોફ્રા આર્ચરે 30 રન બનાવ્યા છે. એક સમયે ઇંગ્લેન્ડનો સ્કોર આઠ વિકેટે 168 રન હતો પરંતુ સ્ટોક્સ અને આર્ચરે દિવસની છેલ્લી 14 ઓવરમાં પોતાની હિંમત જાળવી રાખીને નવમી વિકેટ માટે 45 રન ઉમેર્યા હતા. લિયોને 51 રન આપીને બે વિકેટ લીધી છે. કમિન્સે 54 રન આપીને ત્રણ વિકેટ લીધી છે, જ્યારે બોલેન્ડે 31 રન આપીને બે વિકેટ લીધી છે. શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેનાર સ્ટાર્ક હજુ સુધી 12 ઓવરમાં એક પણ વિકેટ લઈ શક્યો નથી. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ સવારે આઠ વિકેટે ૩૨૬ રનથી પોતાનો પહેલો દાવ શરૂ કર્યો અને ૩૭૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું. આર્ચરે પાંચ વિકેટ ઝડપી હતી.

| ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હેડ કો.કાઉલી બો.કાર્સ | 10 | 28 | 1 | 0 |
| વેધરલ્ડ કો.સ્મિથ બો.આર્ચર | 18 | 27 | 4 | 0 |
| લાબુશેન કો.કાર્સ બો.આર્ચર | 19 | 40 | 2 | 0 |
| ખ્વાજા કો.ટંગ બો.જેક્સ | 82 | 126 | 10 | 0 |
| ગ્રીન કો.કાર્સ બો.આર્ચર | 0 | 2 | 0 | 0 |
| કેરી કો.સ્મિથ બો.જેક્સ | 106 | 143 | 8 | 1 |
| ઇંગ્લીશ બો.ટંગ | 32 | 39 | 4 | 0 |
| પેટ કમિન્સ કો.પોપ બો.કાર્સ | 13 | 19 | 2 | 0 |
| સ્ટાર્ક બો.આર્ચર | 54 | 75 | 9 | 0 |
| લિયોન LB બો. આર્ચર | 9 | 35 | 1 | 0 |
| બોલાન્ડ નોટઆઉટ | 14 | 21 | 3 | 0 |
| વધારાના | 14 | | | |
| કુલ (91.2 ઓવરમાં ઓલઆઉટ) | 371 | | | |

**વિકેટપતન** : 1/33, 2/33, 3/94, 4/94, 5/185, 6/244, 7/271, 8/321, 9/348, 10/371

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 20.2 | 5 | 53 | 5 |
| બ્રેડન કાર્સ | 16 | 0 | 89 | 2 |
| જોશ ટંગ | 16 | 1 | 64 | 1 |
| બેન સ્ટોક્સ | 19 | 3 | 53 | 0 |
| વિલ જેક્સ | 20 | 3 | 105 | 2 |

| ઇંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કાઉલી કો.કેરી બો.કમિન્સ | 9 | 19 | 0 | 0 |
| ડકેટ બો.લિયોન | 29 | 30 | 5 | 0 |
| પોપ કો.ઇંગ્લીસ બો.લિયોન | 3 | 10 | 0 | 0 |
| રૂટ કો.કેરી બો.કમિન્સ | 19 | 31 | 3 | 0 |
| બ્રુક કો.કેરી બો.ગ્રીન | 45 | 63 | 2 | 1 |
| સ્ટોક્સ રમતમાં | 45 | 151 | 3 | 0 |
| સ્મિથ કો.કેરી બો.કમિન્સ | 22 | 26 | 3 | 1 |
| જેક્સ કો.કેરી બો.બોલેન્ડ | 6 | 29 | 1 | 0 |
| Bકાર્સBબો.બોલેન્ડ | 0 | 5 | 0 | 0 |
| આર્ચર રમતમાં | 30 | 48 | 4 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ (68 ઓવરમાં આઠ વિકેટે) | 213 | | | |

**વિકેટપતન** : 1/37, 2/41, 3/42, 4/71, 5/127, 6/159, 7/168, 8/168

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 12 | 1 | 54 | 0 |
| પેટ કમિન્સ | 14 | 3 | 54 | 3 |
| સ્કોટ બોલેન્ડ | 12 | 6 | 31 | 2 |
| નાથન લિયોન | 22 | 4 | 51 | 2 |
| કેમરન ગ્રીન | 8 | 3 | 22 | 1 |

## લિયોન મેક્ગ્રાને પાછળ છોડી વોર્ન પછી બીજા ક્રમે પહોંચ્યો

ત્રીજી એશિઝ ટેસ્ટમાં નાથન લિયોને પોતાની પહેલી ઓવરમાં બે વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાના સર્વકાલીન બોલિંગ ચાર્ટમાં માજી દિગ્ગજ ગ્લેન મેક્ગ્રાને પાછળ છોડીને અન્ય દિગ્ગજ શેન વોર્ન પછી બીજા સ્થાને પહોંચી ગયો હતો. વોર્ને 145 ટેસ્ટમાં 708 વિકેટ લીધી હતી.

**ઓસ્ટ્રેલિયા વતી સર્વાધિક ટેસ્ટ વિકેટ**

| બોલર | ટેસ્ટ | વિકેટ |
|---|---|---|
| શેન વોર્ન | 145 | 708 |
| નાથન લિયોન | 141* | 564 |
| ગ્લેન મેક્ગ્રા | 124 | 563 |
| મિચેલ સ્ટાર્ક | 103* | 420 |
| ડેનિસ લીલી | 70 | 355 |

## ત્રીજી એશિઝ ટેસ્ટમાં ડીઆરએસની ભૂમિકા શંકાસ્પદ

ત્રીજી ટેસ્ટ મેચમાં ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (DRS) ની ભૂમિકા પણ શંકાસ્પદ હતી. જેમી સ્મિથ (22) 16 રને રમતમાં હતો ત્યારે તેણે સ્લિપમાં ઉસ્માન ખ્વાજાને કેચ આપ્યો. મેદાન પરના અમ્પાયરોએ કેચ ટીવી અમ્પાયરને મોકલ્યો, જેમણે ચુકાદો આપ્યો કે બોલ ગ્લોવ કે બેટને નહીં પણ હેલ્મેટને વાગ્યો હતો અને સ્લિપમાં ગયો હતો. આ નિર્ણયથી ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. આ જ બેટ્સમેન સામે, કમિન્સનો બોલ બેટની નીચેની બાજુએ વાગ્યો અને વિકેટકીપર કેરી સુધી પહોંચ્યો, અને અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો. રિપ્લેમાં સ્પષ્ટપણે દેખાતું ન હતું કે બોલ ખરેખર બેટને વાગ્યો હતો કે નહીં, પરંતુ તે છતાં ટીવી અમ્પાયરે બેટ્સમેનને આઉટ આપ્યો હતો.

# ત્રીજી ટેસ્ટ : લાથમ-કોનવેની વિક્રમી ભાગીદારીથી ન્યુઝીલેન્ડ મજબૂત

**કોનવે**-લાથમે કરેલી 323 રની ભાગીદારી ન્યૂઝીલેન્ડ વતી નોંધાયેલી બીજી સૌથી મોટી ઓપનીંગ ભાગીદારી

**બંને** ઓપનરોની સદીની મદદથી પ્રથમ દિવસે ન્યૂઝીલેન્ડે એક વિકેટે 334 રન બનાવ્યા

માઉન્ટ મૌંગાનુઈ, તા. 18 (એપી) : વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટ ક્રિકેટ મેચના આજે ગુરુવારે પ્રથમ દિવસે કેપ્ટન ટોમ લાથમ અને ડેવોન કોનવે વચ્ચેની પ્રથમ વિકેટની વિક્રમી ભાગીદારીની મદદથી, ન્યુઝીલેન્ડે એક વિકેટે 334 રન બનાવ્યા હતા. પ્રથમ દિવસની રમત પૂરી થાય તે પહેલાં લાથમ 137 રને આઉટ થયો હતો. સ્ટમ્પ સમયે કોનવે 178 અને નાઈટવોચમેન જેકબ ડફી નવ રને ક્રિઝ પર હતા.

લાથમ અને કોનવેએ પ્રથમ વિકેટ માટે કરેલી ૩૨૩ રનની ભાગીદારી ન્યુઝીલેન્ડ માટે બીજી સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી છે અને 2025માં કોઈપણ ટીમ દ્વારા કોઈપણ વિકેટ માટે સૌથી વધુ ભાગીદારી છે. લાથમે 245 બોલનો સામનો કર્યો, જેમાં 15 ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા. કોનવેએ અત્યાર સુધીમાં 279 બોલનો સામનો કર્યો છે અને 25 ચોગ્ગા ફટકાર્યા છે. તેણે આખો દિવસ બેટિંગ કરીને તે 2021માં ઇંગ્લેન્ડ સામેની ડેબ્યુ ટેસ્ટમાં કરેલા 200 રનના સર્વોચ્ચ ટેસ્ટ સ્કોરની નજીક પહોંચી ગયો હતો.

ટોસ જીત્યા પછી લેથમનો પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય ખૂબ જ સાહસિક હતો, કારણ કે બે ઓવલની પીચ લીલીછમ હતી. જોકે, વેસ્ટ ઈન્ડિઝના બોલરો તેનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યા. ન્યૂઝીલેન્ડના બંને ઓપનરોએ છેલ્લે 2019ની ટેસ્ટમાં સદી ફટકારી હતી, ન્યુઝીલેન્ડ માટે પ્રથમ વિકેટની શ્રેષ્ઠ ભાગીદારીનો રેકોર્ડ ગ્લેન ટર્નર અને ટેરી જાર્વિસના નામે છે, જેમણે ૧૯૭૨માં જ્યોર્જટાઉનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ૩૮૭ રનની ભાગીદારી કરી હતી. પહેલી ટેસ્ટ ડ્રો રહ્યા બાદ અને બીજી ટેસ્ટ નવ વિકેટથી જીતીને ન્યૂઝીલેન્ડ ત્રણ મેચની શ્રેણીમાં 1-0થી આગળ છે.

| ન્યૂઝીલેન્ડ પ્રથમદાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| લાથમ કો.ચેઝ બો.રોચ | 137 | 246 | 15 | 1 |
| કોનવે રમતમાં | 178 | 279 | 25 | 0 |
| ડફી રમતમાં | 9 | 16 | 1 | 0 |
| વધારાના | 10 | | | |
| કુલ (90 ઓવરમાં એક વિકેટે) | 334 | | | |

**વિકેટપતન** : 1/323

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| કેમાર રોચ | 19 | 3 | 63 | 1 |
| જેયડન સિલ્સ | 21 | 1 | 67 | 0 |
| એન્ડરસન ફિલિપ | 14 | 2 | 71 | 0 |
| જસ્ટીન ગ્રીવ્સ | 17 | 2 | 55 | 0 |
| રોસ્ટન ચેઝ | 19 | 0 | 75 | 0 |

# પીએસજીએ ફ્લેમેન્ગોને હરાવીને ઇન્ટરકોન્ટિનેન્ટલ કપ જીત્યો

**માત્વેઇ** સફોનોવે પેનલ્ટી શૂટઆઇટમાં સતત ચાર પેનલ્ટી બચાવતા પીએસજીએ 2025માં છઠ્ઠી ટ્રોફી જીતી

દોહા, તા. 18 (એપી) : માત્વેઈ સફોનોવે પેનલ્ટી શૂટઆઉટમાં સતત ચાર પેનલ્ટી બચાવતા પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) એ ઈન્ટરકોન્ટિનેન્ટલ કપ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઈનલમાં ફ્લેમેન્ગોને હરાવીને વર્ષ 2025 માં તેની છઠ્ઠી ટ્રોફી જીતી હતી.

નિયમિત અને વધારાના સમય પછી પણ સ્કોર 1-1 થી બરાબર રહ્યો હતો, જેના કારણે મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઇ હતી અને તેમાં પીએસજીનો 2-1 થી વિજય થયો હતો. મેચ સમાપ્ત થતાં જ રશિયન ગોલકીપર સફોનોવને તેના સાથી ખેલાડીઓએ હવામાં ઉછાળ્યો હતો. પીએસજીએ 2025 માં તેમનો પ્રભાવશાળી ક્રમ ચાલુ રાખ્યો, અગાઉ ચેમ્પિયન્સ લીગ, ફ્રેન્ચ લીગ, ફ્રેન્ચ કપ, ચેમ્પિયન્સ લીગ અને યુઈએફએ સુપર કપ જીત્યો હતો. ખ્વિચા ક્વારત્સ્કેલિયાએ 38મી મિનિટે પીએસજીને લીડ અપાવી, ત્યારબાદ 62મી મિનિટે જોર્ગિન્હોએ પેનલ્ટીમાં રૂપાંતર કરીને બ્રાઝિલિયન ક્લબ ફ્લેમેન્ગોને બરાબરી અપાવી.

પીએસજીના બેકઅપ ગોલકીપર સફોનોવ, ઉનાળામાં કરારબદ્ધ થયો ત્યાં સુધી ટીમ માટે એક પણ મિનિટ રમ્યા ન હતા. લુકાસ ચેવેલિયરને નવેમ્બરના અંતમાં પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી. શેવેલિયર ફ્લેમેન્ગો સામે બેન્ચ પર બેસવા માટે પૂરતો ફિટ હતો, પરંતુ સફોનોવે પોતાનું સ્થાન જાળવી રાખ્યું અને સાઉલ નિગુએઝ, પેડ્રો, લીઓ પેરેરા અને લુઇઝ અરાઉજોના સતત બચાવ બાદ શૂટઆઉટ હીરો બન્યો. મંગળવારે ફિફા એવોર્ડ્સમાં 2025ના શ્રેષ્ઠ પુરુષ ખેલાડી તરીકે તાજ પહેરાવવામાં આવેલા ઓસ્માન ડેમ્બેલે, પીએસજી માટે સ્થળ પરથી ગોલ કરવામાં નિષ્ફળ રહેલા બે ખેલાડીઓમાંના એક હતા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### દિલ્હી પર ગાઢ...

સામનો કરવો પડ્યો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક, પાલમ ખાતે હાલની દૃશ્યતા ૧૦૦ મીટર છે. આગામી ૩૦ મિનિટમાં સામાન્ય દૃશ્યતા વધીને ૧૫૦ મીટર થવાની ધારણા છે અને ત્યારબાદ ધીમે ધીમે તેમાં સુધારો થશે. વધુ કોઈ ઘટાડો થવાની અપેક્ષા નથી. હવામાન અધિકારીઓએ જણાવ્યું હતું કે શિયાળાની તીવ્રતા વધવાની સાથે આગામી દિવસોમાં વહેલી સવારે ધુમ્મસ છવાયેલી સ્થિતિ ચાલુ રહેવાની શક્યતા છે. IMD એ ગુરુવાર અને શુક્રવારે ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આ દરમિયાન, રાષ્ટ્રીય રાજધાનીમાં હવાની ગુણવત્તા 'વેરી પુઅર' શ્રેણીમાં રહી, કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) અનુસાર, હવા ગુણવત્તા સૂચકાંક (AQI) 358 નોંધાયો હતો. હવામાન મોરચે, રાષ્ટ્રીય રાજધાનીમાં લઘુત્તમ તાપમાન 9.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે મોસમના સરેરાશ કરતા 0.9 ડિગ્રી વધારે છે. મહત્તમ તાપમાન 23 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે, IMD એ જણાવ્યું હતું.

### ભારત-ઓમાન...

આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક વચ્ચે મંત્રણા થયા બાદ તેમની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળા સુધીમાં લાગુ થવાની સંભાવના છે. કરાર મુજબ, ઓમાનએ તેની ૯૮ થી વધુ ટેરિફ લાઈન અથવા ઉત્પાદન શ્રેણીઓ પર શૂન્ય-ડ્યુટી ઍક્સેસ ઓફર કરી છે, જે ગલ્ફ દેશમાં ભારતની નિકાસના ૯૯.૩૮ ટકાને આવરી લે છે. રત્નો અને ઝવેરાત, કાપડ, ચામડું, ફૂટવેર, રમતગમતનો સામાન, પ્લાસ્ટિક, ફર્નિચર, કૃષિ ઉત્પાદનો, એન્જિનિયરિંગ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ, તબીબી ઉપકરણો અને ઓટોમોબાઈલ્સ સહિતના તમામ મુખ્ય શ્રમ-સઘન ક્ષેત્રો શૂન્ય ડ્યુટી આકર્ષિત કરશે. હાલમાં, આ માલ પર ઓમાનમાં ૫થી 100 ટકાની રેન્જમાં આયાત ડ્યુટી લાગે છે. બીજી બાજુ, ભારત તેની કુલ ટેરિફ લાઈન (12,556) ના 77.79 ટકા પર ડ્યુટી છૂટ આપી રહ્યું છે, જે મૂલ્ય દ્વારા ઓમાનથી ભારતની આયાતના 94.81 ટકાને આવરી લે છે.

ભારત-ઓમાન બિઝનેસ ફોરમને સંબોધતા, મોદીએ કહ્યું કે આ કરાર દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોમાં નવી ઊર્જા ઉમેરશે અને સાથે સાથે પરસ્પર વિકાસ માટે તકો પણ ઉભી કરશે. CEPAને ભારત-ઓમાનના સહિયારા ભવિષ્ય માટે બ્લુપ્રિન્ટ ગણાવતા, મુલાકાતી વડાપ્રધાને વ્યાપારી નેતાઓને વેપાર કરારની સંપૂર્ણ સંભાવનાને સાકાર કરવા હાકલ કરી હતી. ગોયલે કહ્યું કે વેપાર કરાર ભારતીય નિકાસકારો અને વ્યાવસાયિકો માટે તકો પૂરી પાડશે. મોદી પોતાના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા ચરણમાં બુધવારે ઓમાન આવી પહોંચ્યા હતા.

### ભારત-ઓમાન કરાર:...

માટે વધુ ઉદાર પ્રવેશ અને રોકાણની શરતો.

* બંનેએ ઓમાનની ફાળો આપતી સામાજિક સુરક્ષા પ્રણાલી લાગુ થયા પછી, સામાજિક સુરક્ષા સંકલન પર ભવિષ્યમાં ચર્ચાઓ કરવા સંમતિ આપી.

**સામાન્ય માહિતી:**

* 2006 માં અમેરિકા પછી ઓમાને કોઈપણ દેશ સાથે આ પહેલો દ્વિપક્ષીય કરાર કર્યો છે.
* 2024-25 માં દ્વિપક્ષીય વેપાર USD 10 બિલિયનથી વધુ છે.
* ઓમાન ગલ્ફ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે અને વ્યાપક મધ્ય પૂર્વ અને આફ્રિકા માટે ભારતીય માલ અને સેવાઓ માટે એક મુખ્ય પ્રવેશદ્વાર છે.
* લગભગ 7 લાખ ભારતીય નાગરિકો 200-300 વર્ષથી વધુ સમયથી ઓમાનમાં રહે છે, જેમાં ભારતીય વેપારી પરિવારોનો પણ સમાવેશ થાય છે.
* ઓમાનમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત 6,000 થી વધુ ભારતીય સંસ્થાઓ. ઓમાનથી વાર્ષિક 2 બિલિયન ડોલરનું રેમિટન્સ.ચુકે પછી, છેલ્લા 6 મહિનામાં આ બીજો વેપાર કરાર છે.

### મોદીને ઓમાનનું...

જેમાં તાજેતરના ઇથોપિયાના ગ્રેટ ઓનર નિશાન ઓફ ઇથોપિયા અને કુવૈતના ઓર્ડર ઓફ મુબારક અલ-કબીરનો સમાવેશ થાય છે. તેમની મુલાકાત ભારત અને ઓમાન વચ્ચે રાજદ્વારી સંબંધોની 70મી વર્ષગાંઠ સાથે સુસંગત છે, બંને દેશો વેપાર, રોકાણ, ઊર્જા, સંરક્ષણ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. મોદી બુધવારે મસ્કત પહોંચ્યા જ્યાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું જેમાં ઔપચારિક ગાર્ડ ઓફ ઓનરનો સમાવેશ થતો હતો.

### લાલ કિલ્લા...

જેમાં ઘાયલ થયા હતા તે વિસ્ફોટના કાવતરામાં સક્રિય ભાગ લેનાર ડારે કથિત રીતે આત્મબલિદાન કામગીરી હાથ ધરવાની શપથ લીધી હતી, એમ NIAએ જણાવ્યું હતું. તપાસકર્તાઓએ વધુમાં શોધી કાઢ્યું છે કે ડાર આ કેસના અન્ય આરોપીઓ સાથે ગાઢ સંપર્કમાં હતો, જેમાં બોમ્બ વિસ્ફોટના મૃત ગુનેગાર ઉમર-ઉન-નબી અને મુખ્ય કાવતરાખોર મુફ્તી ઇરફાનનો સમાવેશ થાય છે, એમ